सत्यमेव जयते

દાખલ તારીખઃ ૨૪–૦૯–૨૦૨૫
રજીસ્ટર તારીખઃ ૨૪–૦૯–૨૦૨૫
ફેસલ તારીખઃ ૩૦–૦૩–૨૦૨૬
સમયગાળોઃ <u>વર્ષ–માસ–દિવસ</u>

**<u>ધોરાજીના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજશ્રીની કોર્ટમાં,મું. ધોરાજી.</u>**

<u>દીવાની પરચુ. અરજી નં.૩૬/૨૦૨૫</u>

<u>આંક–</u>

**ગુજ.સવિતાબેન રણછોડભાઈ મકાતીના વારસ દરજ્જે**
અશ્વિનભાઈ રણછોડભાઈ મકાતી
રહે.જમનાવડ રોડ,ધોરાજી,જી.રાજકોટ. ...........અરજદાર

**વિરૂધ્ધ**

**ગુજ.સવિતાબેન રણછોડભાઈ મકાતીના વારસદાર**

૧. મઘુબેન ડો/ઓ રણછોડભાઈ મકાતી
વા/ઓ કાંતિલાલ ત્રાંબડીયા
રહે.સરદારગઢ,તા.માણાવદર

૨. સુરેશભાઈ રણછોડભાઈ મકાતી
રહે.પીપળીયા, તા.ધોરાજી. .......... સામાવાળાઓ

**બાબતઃ– <u>હીન્દુ વારસધારા કલમ–૩૭૨ અન્વયે વારસા સર્ટીફીકેટ મેળવવા માટે...</u>**

---

અરજદારપક્ષે – વિદ્વાન વકીલશ્રી ડી.એચ.છતાણી
સામાવાળાપક્ષે – વિદ્વાન વકીલશ્રી આર.એલ.ચાવડા

---

**//ઓ ર્ડ ર//**

૧. આ કામના અરજદારે સદર અરજી હીન્દુ વારસધારા કલમ–૩૭૨ અન્વયે વારસા સર્ટીફીકેટ તેમના નામે મેળવવા માટે કરેલ છે. અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, તેઓ અરજદાર ધોરાજીમાં શહેરમાં રહે છે અને તેમના પિતા રણછોડભાઇ મકાતીના લગ્ન તેમના માતા સવિતાબેન સાથે થયેલા અને આ લગ્ન જીવનથી ૩ સંતાનો નામે ૧. મધુબેન ડો/ઓ રણછોડભાઇ મકાતી, વા/ઓ કાંતિલાલ ત્રાંબડીયા, નં.૨ અશ્વિનભાઇ રણછોડભાઇ મકાતી નં.૩ સુરેશભાઇ રણછોડભાઇ મકાતીનો જન્મ થયેલ છે તથા કુદરતી માતા સવિતાબેન રણછોડભાઇ મકાતી છે અને તેઓ અરજદાર તથા સામાવાળા ગુજ.સવિતાબેન રણછોડભાઇ મકાતીના કાયદેસરના સીધીલીટીના વારસદાર છે. આ કામના સામાવાળા નં.૧ તથા સામાવાળા નં.૨ તે ગુજ.સવિતાબેન રણછોડભાઇ મકાતીના સીધીલીટીના વારસદારો છે અને તેઓ અરજદારના સગા ભાઇ બહેન છે. તેઓ અરજદાર તથા સામાવાળા સિવાય ગુજ.સવિતાબેન રણછોડભાઇ મકાતીના અન્ય કોઇ વારસો નથી. ગુજ.સવિતાબેન રણછોડભાઇ મકાતીની જંગમ મિલકત નીચે મુજબ આવેલી છે.

અરજદારના ગુજ.માતા JSW Steel Limited ના શેર સર્ટીફીકેટ નં.૨૫૨૦૬૩૦, જેના રજીસ્ટર્ડ ફોલીઓ નં. JSW0355379 થી કુલ–૮૦ શેર ધરાવતા હતા. આમ કુલ ૮૦ શેરની બજાર કિં.રૂા.૯૧,૦૦૦/– થાય છે. ગુજ. સવિતાબેન રણછોડભાઇ મકાતીનુ તા.૨૮.૧.૨૦૦૬ ના રોજ ધોરાજી મુકામે અવસાન થયેલ છે તથા તેમના માતા સવિતાબેને કોઇ વીલ કરેલુ નથી કે કોઇ મિલકતની વ્યવસ્થા કરેલ નથી. તેઓ અરજદાર તે ગુજરનારના સીધી લીટીના વારસદાર છે. તેમના માતા ગુજ.સવિતાબેન રણછોડભાઇ મકાતીનુ તા.૮.૧.૨૦૦૬ ના રોજ ધોરાજી મુકામે અવસાન થયેલ છે તથા તેમના પિતા રણછોડભાઇ મકાતીનુ તા.૧૦.૧૨.૧૯૯૧ ના રોજ પીપળીયા મુકામે અવસાન થયેલુ. તેમના માતાએ તેમના ઉપર

જણાવેલ શેરમાં કોઇ નોમીની નીમેલા નથી કે તેમને કોઈપણ પ્રકારે તેમની મિલકતોની વ્યવસ્થા કરવા કોઇ વીલ કે કાયદેસરનો દસ્તાવેજ બનાવેલ નથી તથા તેની જાણ તેઓને તેમના અવસાન બાદ કંપનીમાં કરતા કંપની તરફથી તેઓને મૌખિક રીતે વારસ સર્ટીફીકેટ મેળવવાનુ જણાવેલ હોય હાલની અરજી લાવી ઉપરોકત તમામ હકીકતે ગુજ.સવિતાબેન રણછોડભાઇ મકાતીની જંગમ મિલકતોનુ તેઓ અરજદારના નામનુ વારસ સર્ટીફીકેટ ઈસ્યું કરવા અરજ ગુજારેલ છે.

૨. સદર કામે સામાવાળાઓ તરફે તેમના વિ.વ.શ્રીએ હાજર થઇ આંક–૮ અને આંક–૯ થી જવાબ રજુ રાખી જણાવેલ છે કે, અરજદાર તથા સામાવાળાઓ સગા ભાઈ બહેન થાય છે તેમજ તેમના સિવાય તેમના ગુજ.માતાના અન્ય કોઈ વારસદાર નથી. અરજદારની અરજી પારા બે અને ત્રણ ની હકીકત સત્ય અને ખરી છે. અરજદારની અરજીના પારા ચાર ની હકીકત ખરી અને સત્ય છે. તેમના માતાનુ ધોરાજી મુકામે તા.૨૮.૧.૨૦૦૬ ના રોજ અવસાન થયેલ અને તેઓએ કોઈપણ પ્રકારનુ વીલ બનાવેલુ નહી કે તેમની જંગમ મિલકત અંગેની કોઈ વ્યવસ્થા કરેલી નહી. અરજદારે અરજીના પેરેગ્રાફ નં.૪ માં જણાવેલ હકીકતમાં તેઓ સહમત છે. તેમજ તેમના ભાઈ અશ્વિનભાઈ રણછોડભાઈ મકાતી જોગનું મિલકતનુ વારસા સર્ટીફીકેટ ઈસ્યું કરવામાં આવે તો પણ તેમનો કોઈ વાંધો કે તકરાર નથી. તેમની માતા ગુજરનાર સવિતાબેન રણછોડભાઇ મકાતી તે JSW Steel Limited કંપનીના ૮૦ શેર ધરાવતા હતા અને તેની બજાર કિંમત રૂા.૯૧,૦૦૦/- થાય છે તથા તેમનો તેઓએ કોઈ નોમીની નીમેલા નથી અને તેમના ભાઈ અશ્વિનભાઈ રણછોડભાઈ મકાતી જોગનુ વારસા સર્ટીફીકટે ઈસ્યું કરવામાં આવે તો તેમનો કોઈ વાંધો તકરાર નથી તેમજ જણાવેલ છે.

**3.** અરજદાર તરફે પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના પુરાવા રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવાઃ–</u>**

| **અ.નં.** | **નામ** | **આંક** |
|---|---|---|
| ૧. | અરજદાર અશ્વિનભાઇ રણછોડભાઇ મકાતીનું સરતપાસનું સોગંદનામુ | ૧૧ |

**<u>દસ્તાવેજી પુરાવાઃ–</u>**

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | સવિતાબેન રણછોડભાઇ મકાતીનુ મરણનું પ્રમાણપત્ર | ૧૪ |
| ૨ | રણછોડભાઇ અરજણભાઇ મકાતીનુ મરણનુ પ્રમાણપત્ર | ૧૫ |
| ૩ | શેર સર્ટીફીકેટ | ૧૬ |
| ૪ | અરજદારના આધારકાર્ડની નકલ | ૧૭ |
| ૫ | દૈનિક વર્તમાનપત્ર | ૧૮ |

સદર કામે અરજદાર તરફે આંર–૧૩ થી રજુ કલોઝીંગ પુરસીસ આપી સદર કામે અરજદારને વિશેષ પુરાવો રજુ કરવો ન હોય પુરાવો પુરો થયા અંગેનુ જાહેર કરેલ છે. તેમજ આ કામે સામાવાળાઓ તરફે આંક–૧૯ થી કલોઝીંગ પુરશીસ રજુ રાખી તેઓને વિશેષ પુરાવો રજુ કરવો ન હોય પુરાવો પુરો થયા અંગેનુ જાહેર કરેલ છે.

**૪.** ઉપરોકત તમામ હકીકતોના અનુસંધાને આ અરજીના નિર્ણય માટે નીચે જણાવેલ મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું અરજદાર અરજીમાં માંગ્યા મુજબનું વારસા સર્ટીફીકેટ મેળવવા માટે હકકદાર છે ?

૨. શું હુકમ ?

**૫.** ઉપરોકત મુદ્દાઓ અંગેના તારણો અને કારણો નીચે મુજબ છે.

૧. હકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**૬.** આ કામના યોગ્ય ન્યાય નિર્ણય માટે અરજદાર દ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લઈ તથા નક્કી કરવામાં આવેલા મુદ્દાના નિર્ણય પર પહોચવા માટેના અત્રેની અદાલતના કારણો નીચે મુજબના છે.

## <u>// કા ર ણો //</u>

**<u>મુદ્દા નં. ૧ તથા ૨ ની સંયુક્ત ચર્ચાઃ-</u>**

**૭.** આ બંને મુદ્દાઓ એક જ સામાન્ય પુરાવાથી સંકળાયેલા હોઈ સરળતા ખાતર આ બંને મુદ્દાઓની ચર્ચા ન્યાયના હિતમાં એક સાથે કરવામાં આવેલ છે.

૮. આ કામે આંક-૧૧ થી અરજદાર અશ્વિનભાઈ રણછોડભાઈ મકાતી એ પોતાનું સરતપાસનુ સોગંદનામું રજુ કરી સદર કામની અરજી તથા દસ્તાવેજી પુરાવાનું પુનરાવર્તન કરેલ છે. વધુમાં, અરજદારની અરજીને ધ્યાનમાં રાખીને અરજદાર તરફે આંક-૧૮ થી દૈનિક વર્તમાનપત્ર "સંદેશ" માં જાહેર પ્રસિધ્ધી કરેલ તે રજુ રાખેલ છે જેમાં જણાવ્યુ હતુ કે, સદરહું વારસાઈ સર્ટીફીકેટ મળવાની અરજી સામે કોઈને વાંધા તકરાર હોય તેઓએ આ જાહેર નોટીસની પ્રસિધ્ધી થયેથી દીન-૩૦(ત્રીસ) માં લેખિત વાંધા સાથે અત્રેની કોર્ટમાં હાજર રહેવા જણાવેલ હતુ. પરંતુ અત્રેની અદાલતમાં કોઈ હાજર ન રહેતા એ સાબિત થાય છે કે, અરજદારને વારસાઈ સર્ટીફીકેટ આપવા સામે કોઈને વાંધા તકરાર નથી.

૯. વધુમાં, સામાવાળા તરફે આંક-૮ થી મધુબેન ડો/ઓ રણછોડભાઈ મકાતી, વા/ઓ કાંતિલાલ ત્રાંબડીયા તથા આંક-૯ થી સાહેદ સુરેશભાઈ રણછોડભાઈ મકાતીનો જવાબ રજુ થયેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, અરજદાર તથા સામાવાળાઓ સગા ભાઈ બહેન થાય છે તેમજ તેમના સિવાય તેમના ગુજ.માતાના અન્ય કોઈ વારસદાર નથી. અરજદારની અરજી પારા બે અને ત્રણ ની હકીકત

સત્ય અને ખરી છે. અરજદારની અરજીના પારા ચાર ની હકીકત ખરી અને સત્ય છે. તેમના માતાનુ ધોરાજી મુકામે તા.૨૮.૧.૨૦૦૬ ના રોજ અવસાન થયેલ અને તેઓએ કોઇપણ પ્રકારનુ વીલ બનાવેલુ નહી કે તેમની જંગમ મિલકત અંગેની કોઇ વ્યવસ્થા કરેલી નહી. અરજદારે અરજીના પેરેગ્રાફ નં.૪ માં જણાવેલ હકીકતમાં તેઓ સહમત છે. તેમજ તેમના ભાઈ અશ્વિનભાઈ રણછોડભાઈ મકાતી જોગનું મિલકતનુ વારસા સર્ટીફીકેટ ઇસ્યું કરવામાં આવે તો પણ તેમનો કોઇ વાંધો કે તકરાર નથી. તેમની માતા ગુજરનાર સવિતાબેન રણછોડભાઇ મકાતી તે JSW Steel Limited કંપનીના ૮૦ શેર ધરાવતા હતા અને તેની બજાર કિંમત રૂા.૯૧,૦૦૦/- થાય છે તથા તેમનો તેઓએ કોઈ નોમીની નીમેલા નથી અને તેમના ભાઈ અશ્વિનભાઈ રણછોડભાઈ મકાતી જોગનુ વારસા સર્ટીફીકટે ઇસ્યું કરવામાં આવે તો તેમનો કોઈ વાંધો તકરાર નથી. આમ, અરજદારે આપેલ અરજી મુજબ અરજદારના નામજોગનું વારસા સર્ટીફીકેટ ઈસ્યુ કરવામા આવે તો સામાવાળાઓને કોઈ વાંધો કે તકરાર ન હોવાનું જણાવેલ છે. વધુમાં, સદર કામે અરજદાર તરફે આંક–૧૪ થી અરજદારના માતા સવિતાબેન રણછોડભાઈ મકાતીનુ મરણપ્રમાણપત્ર, આંક–૧૫ થી અરજદારના પિતા રણછોડભાઈ અરજણભાઈ મકાતીનુ મરણપ્રમાણપત્ર રજુ રાખેલ છે. સદર કામે અરજદારની અરજી અને દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા અત્રેની અદાલતને એવુ જણાય છે કે, અરજદાર અને સામાવાળા એ ગુજ.સવિતાબેન રણછોડભાઈ મકાતીના સીધીલીટીના કાયદેસરના વારસદાર છે અને અરજદારના માતા નામે રહેલ શેર સર્ટીફીકેટ મેળવવા વારસા સર્ટીફીકેટ રજુ કરવા જણાવેલાનું જણાય આવે છે. વધુમાં, સદર કામને ભારતીય અધીનીયમની જોગવાઈઓ હેઠળ કોઈ અવરોધ જણાતો નથી. ઉપરોક્ત અરજીની હકીકતો અને સંજોગો તેમજ કાયદાકીય પરિસ્થિતિ ધ્યાને લેતા આ કામના અરજદાર તેઓની આંક–૧ ની અરજીમાં જણાવેલ ગુજરનારના શેર સર્ટીફીકેટ

સંદર્ભે વારસાઈ સર્ટીફીકેટ મેળવવા હક્કદાર હોવાનું અત્રેની અદાલતને જણાય આવે છે.

**૧૦.** અરજદારના વિ.વ.શ્રીએ વારસાઈ સર્ટીફીકેટ મેળવવા માટે અરજી કરેલ છે. અરજદારપક્ષની હકીકતો, પુરાવાઓ અને રજુઆતો ધ્યાને લેતા, હાલની અરજી મંજુર નહી કરવાનું કોઈ કારણ જણાઈ આવતુ નથી. અરજદારપક્ષની રજુઆતોમાં સકારાત્મકતા જણાઈ આવે છે અને રેકર્ડ ઉપર કોઈ વિરૂધ્ધની હકીકતો જણાઈ આવતી નથી. જેથી હાલની અરજીમાં જણાવેલ અરજદાર સદરહું બાબતે વારસા સર્ટીફીકેટ મેળવવા હક્કદાર હોવાનું અત્રેની અદાલતનુ માનવુ છે. તે સંજોગોમાં અરજદારની હાલની આ અરજી મંજુર કરવાપાત્ર જણાતી હોઈ મુદ્દા નં.૧ નો નિર્ણય "**હકારમાં**" ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ ફરમાવવામાં આવે છે.

**// હુકમ //**

**૧.** અરજદારની હાલની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

**૨.** આ કામે ગુજરનાર સવિતાબેન રણછોડભાઈ મકાતીના નામે JSW Steel Limited ના શેર સર્ટીફીકેટ નં.૨૫૨૦૬૩૦, જેના રજીસ્ટર્ડ ફોલીઓ નં. JSW0355379 થી કુલ–૮૦ રહેલ છે તે અંગેના મળતા તમામ આનુસાંગીક લાભો મેળવવા માટે અરજદારના નામનુ વારસા સર્ટીફીકેટ નિયમ મુજબ કોર્ટ ફી સ્ટેમ્પ ભર્યેથી કાઢી આપવા હુકમ કરવામાં આવે છે.

– હુકમ આજ તા.૩૦, માંહે–માર્ચ, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી–અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(સુનિલ વામન વાઘ)
તા.૩૦/૦૩/૨૦૨૬ **પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,**
ધોરાજી.
(જજ કોડ-જીજે૦૧૨૫૮)